RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 299, Dt.07-3-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોર્ટ પાસેથી જામીનમાં લાંબી તારીખની અપેક્ષા ન રાખી શકાય

## અરજદારની બે વર્ષની દિકરીના ઓપરેશન માટે હાઈકોર્ટે બે મહિના પછી જામીનની સુનાવણી રાખતા આ મામલે સુપ્રિમે આપ્યો ચુકાદો

### આદેશ પાલન કરાવવાની માંગની અરજીઓ પર ઝડપથી નિર્ણય લોઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
સુપ્રિમ કોર્ટે ગઈકાલે જણાવ્યું હતું કે, અદાલતો પાસેથી એ અપેક્ષા નથી રાખી શકાતી કે જામીન સંબંધિત કેસોમાં લાંબી તારીખો દે. ન્યાયમુર્તિ બી.આર.ગવઈ અને ન્યાયમુર્તિ ઓગસ્ટીન જયોર્જ મસીહની બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરેલી જયારે તેમને જણાવવામાં આવ્યુ કે, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તબીબ આધારે અસ્થાયી જામીનની અરજી પર સુનાવણીની તારીખ બે મહિના બાદની નકકી કરી હતી. અરજદારનાં વકીલે જણાવ્યું હતું કે, તેમણે એ આધારે અસ્થાયી જામીન માટે હાઈકોર્ટમાં ગયા હતા કારણ કે તેમના અસીલની બે વર્ષની દીકરીને તત્કાલ સર્જરીની જરૂર છે. હાઈકોર્ટે ૨૧ ફેબ્રુઆરીએ પસાર કરેલ પોતાના આદેશમાં કેસની સુનાવણી ૨૨ એપ્રિલ માટે સ્થગિત કરી દીધી હતી.

પીઠે જણાવ્યું હતું કે જામીનનાં મામલામાં અદાલતો પાસેથી આવી આશા ન રાખી શકાય કે મામલાને આટલી લાંબી તારીખ સુધી રોકી રાખે. સાથે જ બેન્ચે અરજદારને શીધ્ર સુનાવણી માટે હાઈકોર્ટમાં જવાની મંજુરી આપી હતી. બેન્ચે હાઈકોર્ટને અનુરોધ કર્યો હતો કે સુનાવણીની તારીખ ઝડપથી નકકી કરે.



સુપ્રિમ કોર્ટે ગુરૂવારે બધી હાઈકોર્ટને કહ્યું કે તે પોતાના અધિકાર ક્ષેત્રની સિવીલ કોર્ટને ૬ મહિનામાં આદેશ (ડીક્રી)નુ પાલન કરવાની માંગવાળી અરજીઓ પર નિર્ણય લેવાનો નિર્દેશ આપે, આવુ ન કરવા પર પીઠાસીન અધિકારી જવાબદાર રહેશે. જસ્ટીસ પારદીવાલાએ જણાવ્યુ હતું કે જો નિકાલ અરજીઓ ત્રણ-ચાર વર્ષ સુધી પેન્ડીંગ રહે તો તે ડિક્રીનાં મૂળ ઉદેશને જ ખતમ કરી નાખે છે.

## વડાપ્રધાન મોદી આજથી ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
ગુજરાતમાં છેલ્લા ચાર દિવસમાં આજે બીજી વખત ગુજરાતની મુલાકાતે આવી રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દક્ષિણ ગુજરાતમાં સુરત-નવસારી ઉપરાંત કેન્દ્ર શાસન પ્રદેશ સેલ્વાસમાં પણ અનેકવિધ આયોજનો-વિકાસકામોના પ્રારંભ તથા લોકાર્પણ ઉપરાંત આવતીકાલે મહિલા દિને નવસારીમાં વાસી બોરસીમાં યોજાનારા લખપતિ-દીદી કાર્યક્રમમાં ૧.૫૦ લાખ વધુ મહિલાઓને સંબોધન કરશે.

આ કાર્યક્રમ માટે વડાપ્રધાનની સુરક્ષાથી લઈને કાર્યક્રમની તમામ જવાબદારી મહિલા અધિકારીઓ અને કર્મચારીઓને આપવામાં આવી છે અને આ કાર્યક્રમ માટે સૌરાષ્ટ્રથી છેક દક્ષિણ ગુજરાતની લખપતિ દીદીઓને લાવવા હજારો બસો દોડશે.

મોદી આજે બપોરે ૧.૩૦ કલાકે સુરત વિમાની મથકે આવી પહોંચ્યા બાદ સીધા સેલ્વાસ જશે. અહી તમો ૪૫૦ બેડની નમો હોસ્પીટલનું લોકાર્પણ કરશે સાથે ૬૫૦ બેડની ક્ષમતાના બીજા યુનિટનું ભૂમિપૂજન પણ કરશે. બાદમાં તમો દમણની એડવાન્સ નાઈટ માર્કેટ દેવકા કિનારે આપેલી ટોપ ટ્રેનને પંચાયત ઘર અને દિવસના અદ્યતન સર્કીટ હાઉસ ચાર પ્રોજેકટનું લોકાર્પણ કરશે.

બાદમાં ફરી શ્રી મોદી સુરત આવીને લીંબાયત નિલગીરી ગ્રાઉન્ડ ખાતે સભા સંબોધન કરશે જેમાં ૧ લાખ લોકોને




વડાપ્રધાન સંબોધીત કરશે. જેમાં સુરતમાં વસતા દરેક રાજયના લોકો ખુદની સંસ્કૃતિના કાર્યક્રમો મોદીના સ્વાગત માટે ઉભા કરાયેલા ખાસ મંચ પર રોડ-શો સમયે કરશે.

## દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ ભારત અમેરિકાને ટેરિફ ઘટાડાની પણ ઓફર કરશે

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલથી ભારત પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. પરંતુ ભારતને આશા છે કે તે આ ટેરિફમાંથી બચી જશે. તે બંને દેશો વચ્ચે ચાલી રહેલા દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ ટેરિફ ઘટાડાની પણ ઓફર કરશે. નિષ્ણાતો કહે છે કે ભારતમાંથી આયાત ડ્યુટીમાં ઘટાડો કરવાનો અવકાશ છે અને સ્થાનિક બજાર આવા ઘટાડાને સમર્થન આપી રહ્યું છે. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ હાલમાં અમેરિકામાં છે અને ટૂંક સમયમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર પર વોશિંગ્ટન ડીસીમાં ચર્ચા થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે ઘણી વસ્તુઓ અને ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવામાં આવી શકે છે. બિઝનેસ ટુડેના અહેવાલ મુજબ, ભારત ઓટોમોબાઈલ સહિત ઘણી વસ્તુઓ પર ટેરિફ ઘટાડીને રેસિપ્રોકલ ટેરિફની અસરને અમુક અંશે ઘટાડવાની આશા રાખે છે.

અમેરિકાથી ભારતમાં નિકાસ થતી મુખ્ય વેપારી વસ્તુઓની વાત કરીએ તો તેમાં ક્રૂડ તેલ, કોલસો અને ઔદ્યોગિક વસ્તુઓનો સમાવેશ થાય છે. નિષ્ણાતો કહે છે કે સ્થાનિક કંપનીઓને વધુ નુકસાન પહોંચાડ્યા વિના આ વસ્તુઓ પર ટેરિફ ઘટાડવાનો અવકાશ છે. વધુમાં, દ્વિપક્ષીય વેપારને



બચાવવા માટે ટેરિફ ઘટાડાની જરૂર છે કારણ કે અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર અને સૌથી મોટો નિકાસકાર છે. આ બંને દેશો વચ્ચેનો વેપાર ૧૯૦ બિલિયનનો છે અને ભારતની નિકાસમાં અમેરિકાનો હિસ્સો લગભગ ૧૮ ટકા છે. પીએમ નરેન્દ્ર મોદીની યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત બાદ, બંને દેશોએ વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા અને ૨૦૩૦ સુધીમાં તેને બમણા કરીને ૫૦૦ બિલિયન કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, તે પછી ટ્રમ્પે ફરી એકવાર જાહેરાત કરી છે કે ૨ એપ્રિલથી પારસ્પરિક ટેરિફ લાગુ થશે, જેના કારણે ભારતમાં ચિંતા વધી ગઈ છે કે તેની નિકાસ પર શું અસર પડશે.

## એલન મસ્કની સતા પર અંતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિયંત્રણ મુકયા

### કોઈપણ વિભાગોમાં છટણી કે ભરતી અંગે મસ્ક કે તેનો વિભાગ નહી પણ કેબીનેટ સેક્રેટરી નિર્ણય લેશે : ટ્રમ્પની જાહેરાત

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**
અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન પછી સતત શક્તિશાળી બની રહેલા અને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફીસીયન્સીના વડા એલન મસ્કની સતા પર અંતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિયંત્રણ મુકી દીધા છે અને હવે તે કોઈપણ સરકારી વિભાગોમાં પ્રમુખની મંજુરી વગર છટણી કરી શકશે નહી તેમજ સરકારી સ્ટાફ અંગેના કોઈપણ નિર્ણય પોતાની રીતે લઈ શકશે નહી.

અમેરિકી વહીવટીતંત્રમાં સુધારા અને ખર્ચમાં જંગી કાપ મુકવા એલન મસ્કના વડપણ હેઠળના વિભાગે એક પછી એક સરકારી કચેરીઓમાં મોટાપાયે છટણીઓ શરુ કરી દીધી હતી અને તેના અમેરિકામાં ઘેરા પડઘા પડયા છે તથા અનેક રાજયોમાં ટ્રમ્પ શાસન સામે દેખાવો પણ શરુ થઈ ગયા છે.

હાલમાં જ ટ્રમ્પે દેશની સંસદને કરેલા સંબોધનમાં એલન મસ્કની કામગીરીની પ્રશંસા કરી હતી. તો બીજી તરફ જે રીતે હજારો અમેરિકી કર્મચારીઓ નોકરી ગુમાવી રહ્યા છે તે અંગે દેશમાં અસંતોષ સર્જાયો તેની નોંધ લીધી છે.



તેથી જ હવે પછી કોઈપણ પ્રકારની છટણીમાં કેબીનેટ સેક્રેટરીને તમામ સતાઓ હશે. ટ્રમ્પે કહ્યું કે, આપણી પાસે એવા માણસો છે કે જે અત્યંત મહત્વના છે અને તેમને સરકારી સેવામાં ચાલુ રાખવા જરૂરી છે.


અમે તમામ સરકારી વિભાગોના વડાઓને વધારાના કર્મચારીઓને છુટા કરવા અને તેમની કામગીરી વધુ કાર્યદક્ષ બનાવવા જણાવ્યું છે. જો તેમ નહી થાય તો અમે તેના પર નિર્ણય લેશું અને એલન મસ્કે પણ આ નિર્ણયને માન્ય રાખ્યો છે.

## અકસ્માત અને જાનહાની માટે રસ્તાની ખરાબ ડિઝાઈન જવાબદાર : નીતિન ગડકરી

- **માર્ગ સુરક્ષા ઉપાયોમાં તત્કાલ સુધારાની જરૂરિયાત**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ વધતા જતા માર્ગ અકસ્માત અને જાનહાની માટે સિવીલ એન્જીનીયરો અને સલાહકારો દ્વારા તૈયાર કરાયેલી ખામીયુકત વિસ્તૃત પરિયોજના રિપોર્ટ (ડીપીઆર) અને માર્ગ ડિઝાઈનને જવાબદાર ઠેરવી છે.

તેમણે ગઈકાલે ગ્લોબલ રોડ ઈન્ફ્રાટેક સમિટ એન્ડ એકસ્પો (જીઆરઆઈએસ)ને સંબોધન કરતા માર્ગ સુરક્ષા ઉપાયોમાં તત્કાલ



સુધારાની જરૂરિયાત દર્શાવી હતી.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કહ્યું હતું કે, દેશમાં મોટાભાગની માર્ગ દુર્ઘટનાઓ લોકોની નાની-મોટી ભૂલો ખામી યુકત ડીઆરના કારણે થાય છે અને તેના માટે કોઈને જવાબદાર ન ઠેરવી શકાય. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં સૌથી ખરાબ ગુણવતાવાળી ડીપીઆર બનાવવામાં આવે છે.

સ્પેન ઓસ્ટ્રિયાથી શીખવાની જરૂરીયાતઃ ગડકરીએ જણાવ્યુ હતું કે ભારતમાં માર્ગ પર નિર્દેષ-પટ્ટિકા અને ચિન્હ પ્રણાલી જેવી નાની નાની વસ્તુઓ પણ ખૂબ જ ખરાબ છે આપણે સ્પેન, ઓસ્ટ્રિયા અને સ્વીટઝરલેન્ડ જેવા દેશો પાસેથી શીખવાની જરૂરત છે.

તેમણે સડક નિર્માણ ઉદ્યોગ પાસેથી નવી ટેકનોલોજીઓ અને ટકાઉ નિર્માણ સામગ્રીને અપનાવીને સુરક્ષા વધારવા માટે રણનીતિ વિકસીત કરવાનું આહવાન કર્યુ હતું.

## કૃષિ આવકના નામે કરોડો રૂપિયાની કરચોરી થતી હોવાનો ઘટસ્ફોટ

### દેશના અનેક રાજયોમાં તપાસનો દોરઃ રાજકીય નેતાઓ - વગદારોના પણ કનેકશનઃ મસમોટા ખુલાસા થવાના ભણકારા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
દેશમાં કાળાનાણાંને બહાર કાઢીને નાબુદ કરવાના સરકારનાં ભરચકક પ્રયત્નો છતાં અનેકવિધ છટકબારીઓને કારણે ખાસ સફળતા મળતી નથી ત્યારે કૃષિ આવકના નામે કરોડો રૂપિયાની ક્ચોરી થતી હોવાના ખુલાસાને પગલે દેશવ્યાપી તપાસ શરૂ કરવામાં આવી છે.

કૃષિ જમીન ન હોવા છતા ૫૦ લાખ કે તેથી વધુની કૃષિઆવક દર્શાવનારા સંખ્યાબંધ કરદાતાઓનો ખુલાસો થયો છે. આવકવેરા ખાતાનાં સુત્રોએ કહ્યું કે, દેશમાં દાયકાઓથી કરમુકત છે અને તેનો કરદાતાઓ ગેરલાભ ઉઠાવી રહ્યા છે. કરચોરી કરવા ઉપરાંત કાળાનાણાને કાયદેસર કરવાનું પણ કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.કૃષિ જમીન ન હોવા છતાં ૫૦ લાખ કે તેનાથી પણ વધુ રકમની કૃષિ આવક દર્શાવવા ઉપરાંત એકર દીઠ પાંચ લાખની આવક દર્શાવવાના અવાસ્તવિક કિસ્સા પ્રકાશમાં આવતા દેશવ્યાપી તપાસ શરૂ કરવામાં આવી છે. રાજકીય નેતાઓ તથા વગદારો પણ આ કારસ્તાનોમાં સામેલ હોવાનું પ્રાથમીક તપાસમાં ખુલ્યુ છે.

કૃષિ આવક પર ઈન્કમટેકસ કે જીએસટી એમ બેમાંથી એક પણ ટેકસ લાગુ પડશે નહિં. જયપુરમાં ઈન્કમટેક્સ દરોડા દરમ્યાન સમગ્ર કરતુત ખુલ્યા હતા જેમાં કરદાતાઓ જંગી કૃષિ આવક દર્શાવી હતી. ઉદ્યોગપતિ હોવા છતા તેનો દર્શાવેલી કૃષિ આવક શંકાસ્પદ લાગી હતી અને ઉંડી તપાસમાં ભાંડો ફૂટયો હતો વાસ્તવમાં તેની પાસે કોઈ કૃષિ જમીન જ ન હતી.

આવકવેરા અધિકારીઓએ વધુ વિગતો જાહેર કરવાનું હાલ વહેલુ ગણાવ્યુ છે. છતાં કરવેરા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે કૃષિ આવક દર્શાવવા માટે પણ પુરાવા આપવાના હોય છે.

જમીનના વેચાણ ખેતીજમીન વ્યાપારીક ઉપયોગ માટે ભાડે આપવા જેવી પ્રક્રિયામાં કરમુક્તિ નથી અને તેમાં કર લાગુ પડે છે. અમુક કિસ્સામાં તો ત્રીજી વ્યક્તિને પણ અસર થાય છે. જંત્રીથી નીચાભાવે વેચાણ પણ અસરકર્તા બને છે. કૃષી આવકમાં માત્ર ઉપજના વેચાણથી થતી આવક અથવા કૃષિજમીનમાંથી ભાડાની આવક પર



જ કરમુક્તિ મળે છે. કૃષિ જમીનમાંથી અન્ય આવક પર કેપીટલ ગેઈન ટેકસ લાગુ પડે છે. કૃષી જમીનનુ વેચાણ કરનાર વ્યક્તિ આવકવેરા રીટર્ન ફાઈલ કરવાને પાત્ર ન હોય તો આ વેચાણ વ્યવહાર આવકવેરા તંત્રને જાણમાં આવતા નથી પરંતુ મહેસુલી રેકોર્ડ પરથી તેની વિગતો મળી જતી હોય છે. આવકવેરા ખાતા દ્વારા હવે દેશવ્યાપી તપાસ શરૂ કરવામાં આવી છે ત્યારે ગુજરાત સહિતના રાજ્યોમાં તવાઈ ઉતરવાના ભણકારા છે. નાણાકીય વર્ષને આડે ત્રણ સપ્તાહ બાકી છે ત્યારે તંત્ર તૂટી પડે છે કેમ તેના પર મીટ છે.

## જો કેન્દ્ર સરકારમા POK પાછું મેળવવાની ક્ષમતા હોય તો તે દિશામાં પગલાં લેઃ ઓમર અબ્દુલ

### એસ જયશંકરના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી

**મુખ્ય સમાચાર,શ્રીનગર**
જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગઈકાલે પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર પર વિદેશ મંત્રી એસ. જયશંકરના નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી.

વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે, પજો પાકિસ્તાન પીઓકેમાંથી ખસી જાય તો કાશ્મીર મુદ્દો ઉકેલાઈ જશે. એસ જયશંકરના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, પતેમને કોણે રોક્યા છે?થ

જમ્મુ-કાશ્મીર વિધાનસભા સત્રમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કેન્દ્ર સરકારને પડકાર ફેંક્યો હતો. તેમણે જમાવ્યું હતું કે, પજો કેન્દ્ર સરકારને ડ્ઘઊં પાછું મેળવવાની ક્ષમતા હોય તો તે દિશામાં પગલાં લે. શું આપણે તેમને ક્યારેય રોક્યા? પરંતુ કારગિલ યુદ્ધ દરમિયાન તેમને તેને પાછું લાવવાની તક મળી હતી. પરંતુ તે કરી શક્યા નહીં. જો તેઓ તેને પાછું લાવી શકે છે.થ

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, પજમ્મુ-કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના કબજામાં છે, જ્યારે બીજો ભાગ ચીનના કબજામાં છે. આ વિશે કોઈ કેમ વાત કરતું નથી?



વિદેશ મંત્રી એસ. જયશંકરે લંડનમાં ચેથમ હાઉસ થિંક ટેન્ક ખાતે પ્રશ્ન-જવાબ સત્ર દરમિયાન પીઓકે પર પોતાની ટિપ્પણી કરી. તેમણે દાવો કર્યો હતો કે, પભારતે કાશ્મીર મુદ્દા પર નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાંથી કલમ ૩૭૦ રદ કરવી એ પહેલું પગલું હતું.થ

આ ઉપરાંત તેમણે કાશ્મીરમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની પુનઃસ્થાપનાનો પણ ઉલ્લેખ કર્યો અને તાજેતરની ચૂંટણીઓમાં ઉચ્ચ મતદાનની વાત કરી.

## રાહુલ ગાંધી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે

### પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ નેતાઓ સાથે બેઠક કરીને વિવિધ સેલના હોદ્દેદારો સાથે સીધો સંવાદ કરશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**
આજે બે મોટી રાજકીય પાર્ટીના નેતા ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. સુરત ખાતે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુલાકાતે આવ્યા છે, ત્યારે રાહુલ ગાંધી પણ આજે ૭ માર્ચથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી ગયા છે.

રાહુલ ગાંધીનું અમદાવાદ એરપોર્ટ પર કોંગ્રેસના નેતાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક કરશે અને બે દિવસ દરમિયાન અમદાવાદની હયાતમાં રોકાશે.

રાહુલ ગાંધી અમદાવાદના કોંગ્રેસ ભવન ખાતે ૧૦થી સાંજે ૭ વાગ્યા દરમિયાન કુલ ૪ અલગ-અલગ બેઠકમાં ભાગ લેશે. જેમાં કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે.

રાહુલ ગાંધી અમદાવાદના એરપોર્ટ પહોંચ્યાં બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય જશે. ત્યારબાદ પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ નેતાઓ સાથે બેઠક કરીને વિવિધ સેલના હોદ્દેદારો સાથે સીધો સંવાદ કરશે. બપોરે ૨ વાગ્યે ૪૪ જિલ્લા અને શહેર પ્રમુખ, બપોરે ૩ વાગ્યે તાલુકા અને નગરપાલિકા પ્રમુખ સાથે સંવાદ કરશે. રાત્રિ રોકાણ અમદાવાદમાં કરશે.

જ્યારે ૮ માર્ચ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે રાહુલ ગાંધી રાજપથ



ક્લબ પાસેના ઝેડએ હોલ ખાતે કાર્યકર્તાઓના સંમેલનને સંબોધિત કરશે. આ કાર્યક્રમમાં પ્રદેશ, જિલ્લા, શહેર અને સેલના તમામ હોદ્દેદારો હાજરી આપશે. રાહુલ ગાંધી ૧૦૦૦ કોંગ્રેસીઓને મળશે. જેમાં તેમની સાથે ગ્રાઉન્ડ કનેક્ટથી લઈ હાલના રાજ્યના તથા પાર્ટીના આંતરિક પ્રશ્નો અંગે માહિતી મેળવશે. આમ પહેલીવાર કોંગ્રેસના કોઈ રાષ્ટ્રીય નેતા આખો દિવસ રાજીવ ગાંધી ભવનમાં જ બેસશે. ઉલ્લેખનીય છે કે, સાંજે ૫ વાગ્યા બાદ નકકી કરેલા હોદ્દેદારો અને વ્યક્તિઓ સાથે અલગથી બેઠક કરશે.

# સંતરાગાછી રેલ્વે સ્ટેશનનાં બ્લોકથી રાજકોટ ડિવિઝનની ત્રણ ટ્રેનો પ્રભાવિત

- કાલે પોરબંદરથી ઉપડતી કવિગુરૂ એક્સપ્રેસ ટ્રેન રદ્દ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સંતરાગાછી સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને લીધે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૩ ટ્રેનો પ્રભાવિત થનાર છે.દક્ષિણ પૂર્વીય રેલ્વેના ખડગપુર ડિવિઝનના સંતરાગાચી સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગના સંદર્ભમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકને કારણે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૩ ટ્રેનોને અસર થશે.

૯ મે ૨૦૨૫ ના રોજ પોરબંદરથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સાંતરાગાછી કવિગુરૂ એક્સપ્રેસ રદ રહેશે. ૧૧ મે ૨૦૨૫ ના રોજ સાંતરાગાછીથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૫૦ સાંતરાગાછી-પોરબંદર કવિગુરૂ એક્સપ્રેસ રદ રહેશે.

૧૬ મે ૨૦૨૫ ના રોજ પોરબંદરથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સાંતરાગાછી એક્સપ્રેસ ૨ કલાક રિશિડ્યુલ રહેશે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચનાની વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# જસદણ નગરપાલિકાના પ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ છાયાણી અને ઉપપ્રમુખ તરીકે હિતેશભાઈ થડેશ્વર સર્વાનુમતે ચુંટાઈ આવ્યાં


**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણીમાં આજે પ્રમુખ તરીકે ભાજપના વોર્ડ નં.૩ ના સભ્ય જીતેન્દ્રભાઈ પ્રાગજીભાઈ છાયાણીની અને ઉપપ્રમુખ તરીકે વોર્ડ નં.૪ ના સભ્ય હિતેશભાઈ ભાસ્કરભાઈ થડેશ્વર સર્વાનુમતે ચુંટાઈ આવતાં હારતોરા અને અબીલ ગુલાલની છોળો વચ્ચે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જો કે ભાજપ પાર્ટી દ્વારા જસદણ નગરપાલિકાના કારોબારી ચેરમેન તરીકે કાજલબેન પ્રવીણભાઈ ઘોડકીયાના નામની જાહેરાત કરી દેવામાં આવી હતી. જેથી આવનારી જસદણ નગરપાલિકાની સામાન્ય સભામાં સત્તાવાર નિમણુંક કરવામાં આવશે. જસદણના જુના માર્કેટયાર્ડના સભાખંડમાં જસદણ પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી યોજવામાં આવી હતી. જેમાં જીતેન્દ્ર છાયાણીની પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે હિતેશ થડેશ્વર ચુંટાઈ આવ્યાં હતાં. જસદણ નગરપાલિકામાં ગત તા.૧૬ ફેબ્રુઆરીના રોજ સામાન્ય ચુંટણી યોજાઈ હતી. જેનું પરિણામ તા.૧૮ ફેબ્રુઆરીના રોજ જાહેર થયું હતું. જેમાં ભાજપએ ૨૨ અને કોંગ્રેસએ ૫ તેમજ અપક્ષએ ૧ બેઠક મેળવી હતી. જે અંગે આજે ભાજપને સૌથી વધુ બહુમતી મળતાં તેઓના પ્રમુખ અને ઉપપ્રમુખ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ (સુધારા અધિનિયમ ૧૯૯૩) ની કલમ ૩૨ (૧) ની



જોગવાઈ મુજબ ચુંટાઈ આવ્યાં હતાં. આ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે, આજે અમારી બોડીના પ્રમુખ અને ઉપપ્રમુખ ચુંટાઈ આવતાં ફરી વધું એકવાર ભાજપનો ભગવો લહેરાયો છે. આ તકે અમે ખાસ કરીને જસદણના નાગરિકો અને અમારા તમામ નેતાગણ તેમજ કાર્યકરો તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. આજથી જ અમારી ખરી કસોટી શરૂ થશે જેમાં અમે સફળતાપૂર્વક પાર ઉતરશું અને આવનારા સમયમાં પારદર્શક વહીવટ કરીશું. ખાસ કરીને અમારી પાર્ટીના ચૂંટાયેલા સભ્યોની મહેનત અને કામગીરી રંગ લાવી છે જે થકી પાલિકાની દરેક ચૂંટણીમાં કોઈ પ્રકારની અડચણ આવી નથી.

# શ્યામલાલજીની હવેલીમાં કાલે સાંજે ફુલ-ફાગ રસિયા ઉત્સવ



સૌરાષ્ટ્રની અતિપ્રાચીન શ્રી શ્યામલાલજી હવેલીમાં આવતીકાલે સાંજે તા.૦૮ના પુરુષોની મંડળી ના ફુલ-ફાગ રસિયા નું આયોજન કરવામાં આવ્યું છે દર્શન નો સમય સાંજે ૬થી ૮વાગ્યા સુધી સાથે ઠાકોરજી સન્મુખ રસિયા કીર્તન થશે. તેમજ દર્શન નો ટેરો આવ્યા બાદ કણિકા પ્રસાદ (અલ્પાહાર) નું પણ આયોજન કરવામાં આવેલ છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને દર્શન નો લાભ લેવા પધારવા મુખ્યાજી જયેશભાઈ હરિભાઈ ભાવભર્યું આમંત્રણ આપ્યું છે. ફલ ફાગ રસિયા ઉત્સવનું સ્થળ સ્થળઃ- શ્રી શ્યામલાલજીની હવેલી (જુની સદર ની હવેલી) પંચનાથ મંદિર મેઈન રોડ જય સીયારામ પેંડા વાળા ની સામે રાજકોટઃવધુ વિગતમાટેઃ- ૮૫૧૧૭૬૩૭૬૩ સંપર્ક કરવો.

# મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ પદે જયંતીભાઈ રાજકોટિયાની નિમણૂક

- ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા મોરબી જીલ્લામાં વર્ષોથી સંઘ વિચારધારા સાથે જોડાયેલા નેતાને સોંપી વિશિષ્ટ જવાબદારી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા ગુજરાતના વિવિધ જીલ્લાના અને મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કર્યા છે. ત્યારે મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે વર્ષોથી સંઘ વિચારધારા સાથે જોડાયેલા જયંતીભાઈ રાજકોટિયાની નિમણૂક કરવામાં આવી છે. તેમના નામની જાહેરાત થયા બાદ કાર્યકર્તાઓ અને



આગેવાનો દ્વારા હર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

મોરબી જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી ભાજપ પ્રમુખપદ માટે અલગ અલગ દાવેદારોની ચર્ચા ચાલી રહી હતી. અગાઉ અગ્રણી નેતાઓ દ્વારા અલગ અલગ ઉમેદવારો અંગે મત મેળવી ચૂકવામાં આવ્યા હતા, પરંતુ અંતે પ્રદેશ ભાજપ દ્વારા મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે જયંતીભાઈ રાજકોટિયાના નામને મંજૂરી આપવામાં આવી હતી. જયંતીભાઈ રાજકોટિયા વર્ષોથી સંઘની વિચારધારા સાથે જોડાયેલા છે અને પક્ષ માટે સતત સક્રિય રહ્યા છે. તેમની નિમણૂક જાહેર થયા બાદ મોરબીમાં હર્ષનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે શહેરના હરભોલે હોલ ખાતે સાંજે ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો એકત્ર થયા હતા, જ્યાં જયંતીભાઈ રાજકોટિયાનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે જયંતીભાઈ રાજકોટિયાએ જણાવ્યું કે, હું નાનપણથી પક્ષ સાથે કાર્યરત છું અને હવે વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યકર્તાઓના તપોબળથી આજે પક્ષ આ મજબૂત સ્થિતિમાં છે. હું દરેક કાર્યકર્તાને સાથે રાખીને પાર્ટીની અપેક્ષાઓને પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહીશ.

# ટંકારામાં લગ્નની લાલચ આપી ૧ લાખની છેતરપીંડી કરનાર મુખ્ય મહિલા આરોપી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,ટંકારા**

લગ્નની લાલચ આપી ૧ લાખ રૂપિયાની છેતરપીંડી આચરનાર અને છેલ્લા ત્રણ મહિનાથી ફરાર રહેલી મુખ્ય મહિલા આરોપીને ટંકારા પોલીસની ટીમે ઝડપી લીધી છે. પોલીસે આરોપી પાસેથી રોકડ રૂ.૨૫,૦૦૦/-રૂપિયા અને અન્ય મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ટંકારા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪ માં નોંધાયેલ ફરિયાદ મુજબ આરોપીઓએ ફરીયાદીને લગ્નની લાલચ આપી, ફૂલ-હાર કરાવી, અને પછી ૧ લાખ રૂપિયા લઈને છેતરપીંડી આચરી હતી. આ કેસમાં અગાઉ બે આરોપીઓની ધરપકડ થઈ ચૂકી હતી, પરંતુ મુખ્ય સૂત્રધાર મહિલા આરોપી જોશનાબેન મકવાણા છેલ્લા ત્રણ મહિનાથી ફરાર હતી ત્યારે ટંકારા પોલીસ મથકના પો.કોન્સ. કૃષ્ણરાજસિંહ ઝાલાને માહિતી



મળી કે આરોપી ટંકારા ટાઉન વિસ્તારમાં છે, જેથી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જોશનાબેન ગુલાબભાઈ મનજીભાઈ મકવાણા રહે.હાલ ગોંડલ ચોકડી, પેટ્રોલ પંપ પાસે ઝુપડામાં, રાજકોટ મૂળ નિવાસી જારીયા, ધ્રોલ, જામનગર વાળીને પકડી લેવામાં આવી છે. મહીલા આરોપી પાસેથી ગુનામાં છેતરપીંડી આચરી પડાવેલ રોકડા રૂપીયા પૈકી રોકડા રૂ.૨૫ હજાર તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૨૭,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં ફિલ્મી ઢબે સ્કોર્પિયો કારનો પીછો કરી તાલુકા પોલીસે ૬૫૦ લીટર દેશી દારૂ પકડ્યો, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પૂર્વ બાતમીને આધારે વોચમાં હોય તે દરમિયાન દેશી દારૂ ભરેલ સ્કોર્પિયો પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે કાર ચાલક દ્વારા કાર ન રોકતા પોલીસે સ્કોર્પિયો કારનો પીછો કરતા કાર ચાલક કાર રેઢી મૂકીને નાસી ગયો હતો, આથી પોલીસે સ્કોર્પિયો કારમાંથી ૬૫૦ લીટર દેશી દારૂ તેમજ કાર મળી કુલ રૂ.૨.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી નાસી ગયેલ કાર ચાલક વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.





વાંકાનેર તાલુકા પોલીસ મથકના લોકરક્ષક શક્તિસિંહ પરમારને ખાનગીરાહે બાતમી મળેલ કે વાંકાનેર બાઉન્ડ્રી નજીક દેશી દારૂ ભરેલ સ્કોર્પિયો કાર નીકળવાની હોય જેથી તાલુકા પોલીસ ટીમ વોચમાં હતી, તે દરમિયાન બાતમી મુજબની કાર પસાર થતા, જેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે કારના ચાલકે પોતાની કાર ઉભી નહી રાખતા તેનો પીછો કરતા જાલીડા ગામની સીમમા ઉપરોક્ત કારનો ચાલક મહિન્દ્રા કંપનીની સ્કોર્પિયો કાર રજી.નં. જીજે-૦૩-સીએ-૦૭૪૭ વાળી કિ રૂ. ૧,૫૦,૦૦૦/- રેઢી મુકી નાશી ગયો હતો.

ત્યારે પોલીસે કારની તલાસી લેતા કારમાંથી દેશી દારૂ લીટર-૬૫૦ કિ.રૂ. ૧,૩૦,૦૦૦/- નો જથ્થો મળી આવ્યો હતો, હાલ પોલીસે દેશી દારૂ તથા સ્કોર્પિયો કાર સહિત ૨.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી, આરોપી કાર ચાલક વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તેને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી-કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે મોરબી સિવિલ હોસ્પિટલમાં ફળ વિતરણ કરાયું







કચ્છ-મોરબી સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે મોરબી જીલ્લા ભાજપ દ્વારા મોરબી સિવિલ હોસ્પિટલમાં સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં દર્દીઓને ફળ વિતરણ, તબીબો અને સફાઈ કર્મચારીઓનું સન્માન કરાયું હતું. આ કાર્યમાં મોરબી જીલ્લા ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મોરબી જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજિત આ સેવાકાર્યમાં, જીલ્લા મહામંત્રી કે.એસ.અમૃતિયા, જેઠાભાઈ મિયાત્રા, નીરજભાઈ ભટ્ટ, કાજલબેન ચંદીભમર, મહિલા મોરચા પ્રમુખ ભાવનાબેન કૈલા, મોરબી જીલ્લા પંચાયત ચેરમેન અશોકભાઈ ચાવડા, મોરબી શહેર મહિલા મોરચા પ્રમુખ અલ્પાબેન કકડ, મોરબી શહેર યુવા મોરચા પ્રમુખ જયદીપભાઈ, આશિફભાઈ ઘાંચી, મહિલા મોરચા મહામંત્રી નિર્મલાબેન હડીયલ સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાંસદ વિનોદભાઈ ચાવડાને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા સાથે, મોરબી સિવિલ હોસ્પિટલના તબીબો અને સફાઈ કર્મચારીઓને તેમની વિશેષ સેવા માટે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે સાથે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને પોષણયુક્ત ફળ વિતરણ કરીને તેમના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ સેવાકીય કાર્યના આયોજન માટે મોરબી જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ બાબુભાઈ પરમાર તથા મહામંત્રી બળવંતભાઈ સનારીયા અને તેમની ટીમે વિશેષ પ્રયાસ કર્યા હતા.

# મોરબીમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે પાંચ પોલીસ કર્મચારીઓ એવોર્ડથી સન્માનિત કરાયા

## જાન્યુઆરી-૨૦૨૫ માટે Cop of the Mon એવોર્ડની જાહેરાત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક દ્વારા જાન્યુઆરી-૨૦૨૫માં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને નસ્રઈજ્ઞા જ્ઞર વિંય ખજ્ઞક્ષવિંસ્રસ્ર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ પોલીસ વિભાગમાં સ્વસ્થ પ્રતિસ્પર્ધા, ઉત્સાહ અને કૌશલ્ય વિકાસ માટે પ્રેરણારૂપ બનશે.

મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક દ્વારા પોલીસ વિભાગમાં કાર્યશૈલીમાં સુધારો લાવવા, પ્રેરણા જાગૃત કરવા અને વધુ ઊર્જાથી કામ કરવા માટે માસિક નસ્રઈજ્ઞા જ્ઞર વિંય ખજ્ઞક્ષવિંસ્રસ્ર એવોર્ડ અપાય છે. આ એવોર્ડ દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન થાય છે, જે અન્ય પોલીસ કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની શકે.

ત્યારે ગત તા. ૦૪/૦૩ના રોજ મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના વાર્ષિક નિરીક્ષણ દરમિયાન પાંચ પોલીસ અધિકારી તથા કર્મચારીઓને જાન્યુઆરી-૨૦૨૫ માસ માટે નસ્રઈજ્ઞા જ્ઞર વિંય ખજ્ઞક્ષવિંસ્રસ્ર એવોર્ડ જાહેર કરાયો હતો. જેમાં કે.એમ. છાસીયા-પોલીસ ઈન્સ્પેક્ટર ટંકારા પોલીસ સ્ટેશન, રાજદિપસિંહ પ્રતાપસિંહ રાણા-એ.એસ.આઈ. મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન, જગદિશભાઈ જીવણભાઈ ડાંગર-હેડ કોન્સ્ટેબલ મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, હરવિજયસિંહ



કિરીટસિંહ ઝાલા પોલીસ કોન્સ્ટેબલ હળવદ પોલીસ સ્ટેશન, યુવરાજસિંહ નીરૂભા જાડેજા-પોલીસ કોન્સ્ટેબલ હળવદ પોલીસ સ્ટેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

# જામનગર શહેર ભાજપ પ્રમુખપદે પૂર્વ મેયર બીનાબેન કોઠારીની વરણી

## જિલ્લા પ્રમુખ પદે ૩૫ વર્ષથી પક્ષમાં સક્રિય ડો.વિનુભાઈ ભંડેરીની નિયુકતી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર ભાજપમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. પહેલી વખત કોઈ મહિલાને શહેર પ્રમુખનું પદ સોંપવામાં આવ્યું છે. બીનાબેન કોઠારીની આ મહત્વપૂર્ણ જવાબદારી માટે પસંદગી કરવામાં આવી છે. શહેર ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બાપુભાઈ છેબલિયા, એચ.એમ. પટેલ, પલવીબેન ઠાકર અને નિવૃત્ત થતા શહેર પ્રમુખ વિમલ કંગથરાની ઉપસ્થિતિમાં આ નિમણૂક કરવામાં આવી છે.બીનાબેન કોઠારી વર્તમાનમાં વોર્ડ નંબર ૫માં નગરસેવિકા તરીકે બીજી ટર્મ સેવા આપી રહ્યા છે. તેઓ જામનગર મહાનગરપાલિકાના મેયર પણ રહી ચૂક્યા છે. પાર્ટી સંગઠનમાં તેમણે મહિલા મોરચાના ઉપાધ્યક્ષ અને મહામંત્રી તરીકે પણ સેવાઓ આપી છે.સામાન્ય વણિક સમાજના બીનાબેન કોઠારીનો પરિવાર લાંબા સમયથી છજ્જ સાથે જોડાયેલો છે. તેમના રાજકીય અને સામાજિક અનુભવને જોતાં પાર્ટીએ તેમના પર વિશ્વાસ મૂક્યો છે. આ નિમણૂક સાથે જામનગર ભાજપમાં મહિલા નેતૃત્વનો નવો અધ્યાય શરૂ થયો છે.૩૫ વર્ષના અનુભવી નેતા વિનુભાઈ ભંડેરી નવા જિલ્લા પ્રમુખ બન્યા.જામનગર જિલ્લા અટલ ભવન ખાતે આજે મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી છે. લાંબા સમયના અનુભવી નેતા વિનુભાઈ ભંડેરીને જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂક પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપના આગેવાનો બાબભાઈ જેબલિયા, એચ.એમ. પટેલ અને







નરેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત થતા જિલ્લા પ્રમુખ રમેશ મુંગરા અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના પદાધિકારીઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા.વિનુભાઈ ભંડેરી ૧૯૯૦થી ભાજપ સાથે સક્રિય રીતે જોડાયેલા છે. તેમની રાજકીય કારકિર્દી દરમિયાન તેઓ ત્રણ વખત જિલ્લા ભાજપના મહામંત્રી રહી ચૂક્યા છે. તેઓ જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. હાલમાં તેઓ ગુજરાત પ્રદેશ કારોબારી સમિતિના સભ્ય છે અને ૫મન કી બાતથ કાર્યક્રમના સૌરાષ્ટ્ર વિભાગના ઈન્ચાર્જ તરીકે કાર્યરત છે.નવા જિલ્લા પ્રમુખની નિમણૂક બાદ ભાજપના કાર્યકરો અને આગેવાનોએ વિનુભાઈ ભંડેરીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમના ૩૫ વર્ષના રાજકીય અનુભવને જોતાં આ નિમણૂક પાર્ટી માટે લાભદાયી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# સ્વચ્છ જસદણ, સુંદર જસદણ બનાવવા મિશન હાથ ધરાયુ

## સ્વચ્છતા એપ ડાઉનલોડ કરી ગંદકીની ફરિયાદ કરવા નગરજનોને અપીલ

**મુખ્ય સમાચાર, જસદણ**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગામડાંઓ અને શહેરોને સ્વચ્છ રાખવા નસ્રસ્વચ્છ ભારત અભિયાનથથ હાથ ધરાયું છે. જે અંતર્ગત જસદણ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ માર્ગો પર બેનર્સ દ્વારા શહેરને સ્વચ્છ રાખવા લોકોને અપીલ કરાઈ છે. નાગરિકો પોતાના મોબાઈલમાં સ્વચ્છતા એપ ડાઉનલોડ કરી ગંદકીની ફરિયાદ કરી શકશે. આ માટે શહેરીજનોએ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવાની રહેશે. ઉપરાંત, નદી-તળાવ જેવા જળાશયોને પ્રદૂષિત થતા અટકાવવા, કચરાનું ચાર રીતે વર્ગીકરણ કરવા(સૂકો કચરો, ભીનો કચરો, ઘરેલુ જોખમી કચરો અને જોખમી કચરો/સેનેટરી વેસ્ટ)અને તેને અલગ તારવવા અંગેના બેનર્સ





લગાવાયા છે. વધુમાં, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીએ, ૧૨૫ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી તમામ પ્લાસ્ટિક બેગ, ઝબલા પર પ્રતિબંધ, પાણીનાં પાઉસ પર સંપૂર્ણ પ્રતિબંધ, ડિસ્પોઝલ પાણીના ગ્લાસ અને સ્ટ્રો પર પ્રતિબંધ, ડિસ્પોઝલ (થર્મોકોલ/પોલીસ્ટીરીન) થાળી, વાટકા, ચમચી, કાંટો, બાઉલ પર પ્રતિબંધ કરતા બેનર્સ શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવીને સ્વચ્છતા જાળવવા નગરજનોને અપીલ કરવામાં આવી છે. જસદણ શહેરને સ્વચ્છ રાખવું, તે સૌ નગરજનોની જવાબદારી છે. સ્વચ્છતા અંગેના અભિયાનમાં નગરપાલિકાને સહયોગ આપવાની સાથે જ્યાં ત્યાં ન થૂકવા તેમજ કચરો ન કરવા લોકોને અપીલ કરાઈ છે.

# મનપાના આવાસ ભાડે આપનારની હવે ખેર નથીઃ ૨૦,૦૦૦ સુધીનો દંડ

## આજે મનપાની સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં ૨૩૮.૪૮ કરોડના વિકાસ કામોને લીલીઝંડી : લાભાર્થીએ ભાડેથી આપેલા કવાર્ટરમાં પ્રથમ વખત પાંચ હજારથી તબક્કાવાર ૨૦ હજારનો દંડ અને આવાસ ફાળવણી રદ સુધીના પગલા લેવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નિર્માણ કરવામાં આવેલી અનેક આવાસ યોજનાઓમાં રહેલા કવાર્ટર ભાડે આપી દેવાની પ્રવૃતિ સામે તંત્ર દ્વારા દંડ અને સીલની કાર્યવાહી તો કરવામાં આવે છે પરંતુ અવારનવાર આવાસ ભાડે આપવાના ધંધા ચાલુ રહેતા હોય, હવે આવી જગ્યાએ રૂા. ૨૦ હજાર સુધીનો દંડ કરી, છેલ્લે આસામીની આવાસની ફાળવણી રદ કરવા નિર્ણય આજે સ્ટેન્ડિંગ કમિટીમાં લેવાયો હતો આજે મળેલી સ્ટે.કમીટીની મીટીંગમાં કમિશ્નરે આ અંગેની દરખાસ્ત મોકલી હતી જે મંજૂર થયે આ પ્રવૃતિ સદંતર બંધ થાય તેવા પગલા લેવા પ્રયાસ કરાશે.

ગઈકાલે સ્ટે.કમીટીનો એજન્ડા ચેરમેન જયમીન ઠાકરે બહાર પાડયો હતો. એજન્ડા પર કુલ ૫૭ દરખાસ્ત રહેલી છે. આ પૈકી આવાસ યોજના અંગેની દરખાસ્ત અંગે માહિતી આપતા પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, આવાસ યોજના ખાતે ભાડુઆત રહેતા હોવાના કિસ્સામાં આવાસ સીલીંગની પ્રક્રિયા અને નવા ચાર્જ અંગે દરખાસ્ત મંગાવવામાં આવી છે. કોર્પો.ના આવાસ યોજના વિભાગ દ્વારા વિવિધ આવાસ યોજનાઓનો ડ્રો કરીને ફાળવણી કર્યા બાદ લાભાર્થી આવાસો સાત વર્ષ સુધી ભાડે આપી શકતા નથી. વિભાગ દ્વારા ચેકીંગ દરમ્યાન અને ફરિયાદો હેઠળ થતી કાર્યવાહીમાં મુળ લાભાર્થીના બદલે અન્ય આસામી રહેતા હોવાનું બહાર આવે તો નોટીસ આપવામાં આવે છે. અરજદારનો જવાબ યોગ્ય ન લાગે તો આવાસ સીલ કરાય છે.

નિયમ મુજબ ફાળવણી તારીખથી ૭ વર્ષ માટે આવાસ ભાડે આપી શકાતું નથી. તો ઈન્સ્ટોલમેન્ટ બેઝ આવાસ યોજનામાં આવાસ કેટલા સમય માટે ભાડે આપી શકાય તેની સ્પષ્ટતા ન હોય, આ અંગે પણ ધોરણ નિયત કરવાની જરૂર છે. આથી ભાડાની મુદ્દત, સીલ, સીલ ખોલવાની કાર્યવાહી અને ચાર્જ નકકી કરવાનું અનિવાર્ય છે.

હવે સાત વર્ષ માટે આવાસ ભાડે આપી શકાશે નહીં. ઈન્સ્ટોલમેન્ટ બેઝ આવાસ યોજનામાં એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયાના માસથી પૂરતી રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી ભાડે આપી શકાશે નહીં. ભાડુત મળે તો ત્રણ દિવસમાં જવાબ આપવા, સીલ મારવા સહિતની કાર્યવાહી કરવાની થાય છે. તો સીલ ખોલવા રૂા. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામુ લેવા, ડે.કમિશ્નરની મંજૂરી લેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

કડક પગલારૂપે દંડની નવી જોગવાઈ અંગે જયમીન ઠાકરે કહ્યું હતુ કે, પ્રથમ વખત આવાસ સીલ કર્યાના કિસ્સામાં એક મહિના માટે આવાસ સીલ કરી, તે ખોલવાનો ચાર્જ રૂા. પાંચ હજાર ભરવાનો થશે. હાલ એક માસ માટે સીલ અને પાંચ હજારના દંડની વ્યવસ્થા છે. પરંતુ જો બીજી વખત આવાસ સીલ કરવામાં આવે તો રૂા. ૧૦ હજારનો દંડ અને બે માસ માટે સીલીંગ, ત્રીજી વખત આવો કેસ પકડાઈ તો ત્રણ માસ માટે આવાસ સીલ અને ૨૦ હજારનો દંડ લેવામાં આવશે.

આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૨૩૮.૪૯ કરોડ ના નવા વિકાસ કામ અને મંજૂરી અપાઈ હતી મનપાની જુદી જુદી શાખાઓ માટે વોટર પ્યુરીફાયર તથા આર.ઓ. પ્લાન્ટ ખરીદી, મેન્ટેનન્સ, રેટ કોન્ટ્રાકટ કરવા અંગેની દરખાસ્ત મીટીંગમાં આવી હતી. ૨૦૨૧માં અપાયેલા કોન્ટ્રાકટની મુદ્દત તા. ૨૪-૧-૨૫ના રોજ પૂરી થઈ છે.

આથી નવી એજન્સીની નિમણુંક ન થાય ત્યાં સુધી સીબા એકવાટેક એજન્સી પાસે કામ કરાવવા દરખાસ્ત કરવામાં આવી છે. આ કામ એજન્સી ૮.૬૬ ટકા નીચા ભાવે કરી આપશે.

ઉલ્લેખની વાત એ છે કે વોર્ડ નંબર સાતમાં આવેલ મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર ૧૧ નું જૂનું બિલ્ડીંગ દૂર કરી તેની જગ્યાએ નવું બિલ્ડીંગ બનાવવામાં આવશે શાળા માટે અંદાજિત ૪.૯૫ કરોડનો ખર્ચ થશે જેને પણ સ્ટેન્ડિંગ દ્વારા મંજૂરી અપાઈ હતી

આ પહેલા આજે સંકલનની બેઠકમાં નવનિયુક્ત ભાજપ પ્રમુખ માધવ દવેનું મેયર નયનાબેન પેઢડીયા ,જયમીન ઠાકર તેમજ અન્ય પદાધિકારીઓ દ્વારા સન્માન કરાયું હતુ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

## વોર્ડ નંબર સાતમાં મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર ૧૧ નું જૂનું બિલ્ડીંગ દૂર કરી ૪.૯૫ કરોડના ખર્ચે નવું બિલ્ડીંગ બંધાશે :નવનિયુક્ત શહેર ભાજપ પ્રમુખ માધવ દવે નું સન્માન કરાયું

# રાજકોટ શહેર ભાજપ પ્રમુખપદે યુવા નેતા માધવ દવેની નિયુક્તિ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

## રાજકોટમાં જેમને સેન્સ આપી ન હતી તેમને મળી મહત્ત્વની જવાબદારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૪ જાન્યુઆરીથી શરૂ થયેલી ભાજપની શહેર-જિલ્લા પ્રમુખ નીમવાની પકસરતથ આખરે ૬૨ દિવસ પછી ગઈકાલે અંતે પૂર્ણ થવા પામી છે. જ્યારથી સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યારથી લઈ આજ સુધીમાં શહેર ભાજપ પ્રમુખ તરીકે અનેક નામ બજારમાં વહેતા થયા હતા અને દરેક દાવેદારો પોત પોતાના જૂથનું લોબિંગ કરાવી રહ્યા હતા. એક સમયે તો રૂપાણી જૂથને જવાબદારી નિશ્ચિત છે તેવી વાતો વહેતી કરવામાં આવી હતી અને બધી અટકળોનો અંત આણી પ્રદેશ મવડી મંડળ દ્વારા કોઈપણ જૂથના દાવેદારને મહત્ત્વ ન આપી જેને દાવેદારી જ ન કરી હતી તેવા સંઘ સાથે જોડાયેલા ડો. માધવ દવેને જવાબદારી સોંપી પ્રમુખ બનાવી દેવામાં આવ્યા છે. એટલું જ નહિ, પરંતુ આ સાથે સાથે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ૧૪માંથી ૧૦ નામ સંઘ અને તેની ભગિની સંસ્થા એબીવીપી તેમજ વિહિપ સાથે જોડાયેલની પસંદગી કરવામાં આવી છે. ગઈકાલે ક્લસ્ટર ચૂંટણી પ્રભારી મયંક નાયક દ્વારા રાત્રિના ૮ વાગ્યે સત્તાવાર રીતે રાજકોટ શહેર પ્રમુખ તરીકે પાછલી ટર્મના મહામંત્રી ડો. માધવ દવેની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, આશ્ચર્યની વાત તો એ છે કે રાજકોટમાં લેવાયેલ સેન્સ પ્રક્રિયામાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી જૂથના દાવેદારો સહિત ૩૦થી વધુ દાવેદારોએ દાવેદારી કરી હતી અને વિજય રૂપાણી જૂથ વર્ચસ્વ રહેશે અને તેમાંથી જ કોઈ એક પ્રમુખ બનશે તેવી વાતો શરૂ કરી હતી. જો કે છેલ્લા ૩-૪ દિવસની હિલચાલના અંતે જૂથવાદને ડામવા માટે પ્રદેશ મવડી મંડળ દ્વારા સંઘ સાથે જોડાયેલા ડો.માધવ દવેને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. માધવ દવે મુળ અમરેલીના વતની છે તેઓ ૧૯૯૮-૯૯થી રાજકોટમાં સ્થાયી થયા છે. ડો.માધવ દવેએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)થી પોતાની રાજકીય કારકીર્દિ શરૂ કરી હતી. આ પછી તેઓ ૨૦૦૭માં જિલ્લા ભાજપ ઉપપ્રમુખ બન્યા હતા. અહીં ઉમદા કામગીરી કર્યા બાદ પ્રદેશ ભાજપના માનવ અધિકાર સેલના સહ કન્વીનર, કન્વીનર તરીકે જવાબદારી સોંપાઈ હતી જે તેમણે સુપેરે નીભાવી હતી. ત્યારબાદ તત્કાલિન પ્રમુખ કમલેશ મીરાણીની ટીમમાં તેઓ શહેર ભાજપ મંત્રી બન્યા હતા અને પ્રમુખ બનતાં પહેલાં તેઓ શહેર ભાજપ મહામંત્રી તરીકે કાર્યરત હતા. ડો.માધવ દવેના ભાઈ મેહુલ દવે અત્યારે ગાંધીનગર ખાતે કલેક્ટર તરીકે કાર્યરત છે તો તેમના પિતા અમરેલી નગરપાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે અને સંઘ સાથે તેમનો નજીકનો ઘરોબો રહ્યો છે. ડો. માધવ દવે વ્યવસાયે વકીલ છે તેમજ તેમણે પીએચ.ડી. અને જર્નાલીઝમ પણ કરેલું છે.

# રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખપદે અલ્પેશ ઢોલરીયા રિપીટ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

## જીલ્લા કાર્યાલયે વિધીવત જાહેરાત થતા જ ધામધૂમપૂર્વક ઉજવણી : ભરત બોઘરા સહિતના નેતાઓની હાજરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભાજપના રાજયભરનાં સંગઠન પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે તેમાં સૌરાષ્ટ્રનાં સૌથી મહત્વના રાજકોટ જીલ્લામાં પ્રમુખપદે અલ્પેશ ઢોલરીયાને સતત બીજી ટર્મમાં રીપીટ કરવામાં આવતા સમર્થકોએ ધામધૂમપુર્વક ઉજવણી કરી હતી.

પ્રમુખ બનવાના અન્ય આગેવાનોનાં ઓરતા અધુરા રહ્યા હતા. પાંચ નગરપાલિકાની ચૂંટણીમાં જીત તથા પાર્ટી કાર્યકરોની વચ્ચે-પડખે રહેવાની કામગીરીની નોંધ લઈને આ નબોનસથ આપવામાં આવ્યાનું માનવામાં આવે છે.

રાજકોટ જીલ્લા ભાજપ તરીકે અલ્પેશ ઢોલરીયા રીપીટ થવાની અટકળો વ્યકત થતી જ હતી તેમના અનેક જમાપાસાની નોંધ લેવામાં આવી હતી. જીલ્લાનાં મોટાભાગનાં સીનીયર આગેવાનોએ તેમનું નામ સુચવ્યુ હતું ઉપરાંત ગત ટર્મની કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી. કાર્યકાળ દરમ્યાન વિવિધ ચૂંટણીમાં સમય જીલ્લામાં ભાજપનો દેખાવ સારો રહ્યો હતો.

તાજેતરની નગરપાલિકાની ચૂંટણીમાં ધોરાજી, ઉપલેટા, જેતપુર, ભાયાવદર તથા જસદણ એમ પાંચેય નગરપાલિકામાં ભાજપનો વિજય વાવટો ફરકાવ્યો હતો ગોંડલ યાર્ડના ચેરમેન તરીકેની અભુતપુર્વ કામગીરી અને તેનાં નાતે ગ્રામ્ય વર્ગ સુધીની નોંધને જમા પાસુ ગણવામાં આવ્યું હોય તેમ એક હોદો હોવા છતાં બીજુ પદ આપવામાં હાઈકમાન્ડ હિચકિચાટ રાખ્યો હતો.

પાયાના કાર્યકરોની વાત સાંભળવાની પદ્ધતિ અને નિર્વિવાદ કાર્યકાળ ધ્યાને લેવાયો હતો. સુત્રોના કહેવા પ્રમાણે અલ્પેશ ઢોલરીયાનાં નામ સાથે મનસુખ માંડવીયા, ભરત બોઘરા, જયરાજસિંહ, જયેશ રાદડીયા સહિત મોટાભાગનાં નેતાઓ સંમત હતા.પ્રમુખપદ માટે જીલ્લાનાં અન્ય આગેવાનોએ દાવા કર્યા હતા. પરંતુ કોઈનું ખાસ વજન પડયુ ન હતું.

ભાજપ પ્રમુખોની યાદી વહેલી લીક થઈ જ ગઈ હતી. છતાં વિધીવત રીતે કલસ્ટર ઈન્ચાર્જ મયંક નાયકે રાત્રે જીલ્લા ભાજપ કાર્યાલયે પહોંચીને ઢોલરીયાના નામની જાહેરાત કરી હતી.પાર્ટીની સંકલન બેઠક થયા બાદ નામ જાહેર કરવામાં આવ્યુ હતું તે સાથે સમર્થકો-કાર્યકરોએ ધુમધામથી ઉજવણી કરી હતી.

આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા સહિતનાં નેતાઓ પણ હાજર હતા. નાગદાન ચાવડા, નરેન્દ્રસિંહ જાડેજા, ચેતન પાણ સહીતના આગેવાનોએ અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટ સેન્ટ્રલ જીએસટી ઈન્સ્પેક્ટર ૫,૦૦૦ની લાંચ લેતા રંગે હાથે ઝડપાયો..!

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે એક ચાર્ટડ એકાઉન્ટન્ટની ફરિયાદ પરથી રાજકોટની સેન્ટ્રલ જીએસટી કચેરીમાં સુરેન્દ્રનગર એસીબીએ છટકુ ગોઠવ્યું હતું. જેમાં રૂ.૫ હજારની લાંચ લેતા જીએસટી ઈન્સ્પેક્ટર શ્રીરામ મીણા રંગે હાથ પકડાયો હતો. જીએસટી નંબર માટેની ઓનલાઈન અરજી મંજૂર કરવા તેણે લાંચની માંગણી કરી હતી, તેવો આરોપ છે. આરોપી જીએસટી ઈન્સ્પેક્ટર હજુ ૧૬ માસ પહેલા જ ભરતી પરીક્ષા પાસ કરી નોકરી પર ચડ્યો હતો. તેને રાજકોટમાં જ પહેલુ પોસ્ટિંગ મળ્યું હતું. તેના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. જીએસટી પ્રક્રિયા ઓનલાઈન છે. છતાં રૂપિયા આપો તો જ કામ થાય છે તેવી ચર્ચાઓ થતી હોય છે, ત્યારે શહેરના રેસકોર્ષ રીંગ રોડ ઉપર આવેલી સેન્ટ્રલ જીએસટી કચેરીમાં એક ફરિયાદી ચાર્ટડ એકાઉન્ટન્ટએ ખાનગી કંપની માટે જીએસટી નંબર લેવા ઓનલાઈન અરજી કરી હતી. ફરિયાદીએ આ અરજીને મંજૂરી આપવા માટે કચેરીનો સંપર્ક કર્યો હતો. ત્યાં વર્ગ-૨ના જીએસટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા શ્રીરામ ભરતલાલ મીણા સાથે વાતચીત થતા આરોપી જીએસટી ઈન્સ્પેક્ટરે જીએસટી નંબર લેવાની ઓનલાઈન અરજી મંજુર કરી આપવા પેટે રૂ. ૫ હજારની લાંચ માંગી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય, તેણે લાંચ રૂશ્વત શાખાનો સંપર્ક કર્યો હતો. જેથી રાજકોટ એસીબી એકમના મદદનીશ નિયામક કે. એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ સુરેન્દ્રનગર એસીબી પીઆઈ એમ. એમ. લાલીવાલા અને તેમની ટીમે છટકુ ગોઠવ્યું હતું. જેમાં ફરિયાદી શહેરના રેસકોર્ષ રીંગ રોડ ઉપર આવેલી સેન્ટ્રલ જીએસટી કચેરીમાં આરોપી શ્રીરામ મીણાની ચેમ્બરમાં ગયા હતા



ત્યાં લાંચની રકમ રૂ. ૫૦૦૦ આપી હતી.

ત્યાં જ એસીબી ટીમ ત્રાટકી હતી અને રંગે હાથ લાંચ લેતા આરોપીને દબોચી લીધો હતો. હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લા એસીબી પીઆઈ આગળની તપાસ કરશે. સૂત્રોએ જણાવ્યું કે, આરોપી શ્રીરામ મીણા મૂળ રાજસ્થાનનો વતની છે. તે ૧૬ મહિના પહેલા જ જીએસટી વિભાગમાં નોકરીએ લાગ્યો હતો. પહેલું પોસ્ટિંગ રાજકોટ મળ્યું અને લાંચના છટકામાં ઝડપાઈ ગયો છે. આજે તેને કોર્ટ સમક્ષ રજૂ કરી એસીબી રિમાન્ડ માંગશે.

# ગુજરાતનું ગૌરવ એવા મહારાષ્ટ્ર ભાજપના પોલિટિકલ એડવાઈઝર ડો. હિરેન ઘેલાણીનું નવું સોપાન

## લોક પ્રતિનિધિ કાર્યકર્તા તેમજ જનતા જનાર્દન સાથે સીધા સંપર્કમાં રહી શકે અને લોક સમસ્યાનું ત્વરિત નિરાકરણ લાવી શકે તે માટે ખાસ સ્ટ્રેટેજિક પ્લાન બનાવાયો

ગુજરાત ના ગૌરવ સમાન ભારતીય જનતા પાર્ટી મહારાષ્ટ્રના પોલિટિકલ એડવાઈઝર ,આઈ.ટી એક્સપર્ટ એજ્યુકેટર , આઈટી ઓનત્રોપ્રીનર અને એચ એલ ગ્રુપના એમડી ડો. હિરેન ઘેલાણીની કોર્પોરેટ ઓફિસનું આગામી તારીખ ૯/૩ ના રવિવારે ૧૫૦ ફૂટ રીંગ રોડ અયોધ્યા ચોક વેસ્ટ ગેટ ખાતે ભવ્ય ઉદઘાટન યોજાનાર છે ત્યારે આ અવસરે પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી સાંસદો સર્વે શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા વિનોદભાઈ ચાવડા ધારાસભ્ય શ્રી તથા શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહીને શુભેચ્છા પાઠવશે


ડો. હિરેન ઘેલાણીએ ભારતીય જનતા પાર્ટીમાં પોલિટિકલ એડવાઈઝર તરીકે ઉલ્લેખનીય કામગીરી કરેલ છે જેમાં હાલમાં જ મહારાષ્ટ્રમાં સંપન્ન થયેલ વિધાનસભા ચૂંટણીમાં દેવેન્દ્ર ફડણવીસ સાથે રહીને મહારાષ્ટ્રમાં અનોખો મીડિયા અને સ્ટ્રેટેજિક પ્લાનિંગ બનાવેલ તેની ચોમેર પ્રશંસા સાથે હતી. અને મહારાષ્ટ્ર ભાજપ અગ્રણીઓ દ્વારા આ સ્ટ્રેટેજી પ્લાનિંગ ને બિરદાવ્યું હતું. ત્યારે ડો. હિરેન ઘેલાણી નું ઈન્ટરનેશનલ કોલેજોમાં પણ નોંધપાત્ર યોગદાન રહ્યું છે જેમાં ચાર કોલેજો અને ૨૨ કેમ્પસ માં હાલ સંયુક્ત રીતે ૬,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ડો. હિરેન ઘેલાણીની કંપની આઈટી ફિલ્ડમાં કાર્યરત હોવાથી વિશ્વભરમાં અનેક ક્લાઈન્ટો સાથે કામ કરી રહી છે. તેમજ ગુજરાતના અનેક પ્રદેશ કક્ષાના ભાજપ અગ્રણીઓ સાથે રહીને વિવિધ ચૂંટણીઓમાં પ્રચાર પ્રસારની કામગીરીનો બહોળો અનુભવ ધરાવે છે. જેમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ડો. હિરેન ઘેલાણી ના સ્ટ્રેટેજી પ્લાનિંગ ને મહારાષ્ટ્ર ભાજપ અગ્રણીઓએ બિરદાવી આગામી પાંચ વર્ષ માટે ડો. હિરેન ઘેલાણી ને પોલિટિકલ એડવાઈઝર તરીકે નિમણુક કરવામાં આવેલ છે જેમાં ડો. હિરેન ઘેલાણીની કોર્પોરેટ ઓફિસના સ્ટ્રેટેજી પ્લાન મુજબ ધારાસભ્યો હવે તેમના મતવિસ્તારમાં આવેલ તમામ કાર્યકર્તાઓ સાથે સતત કનેક્ટ રહી કાર્યકર્તાઓની કામગીરીથી સંપૂર્ણ વાકેફ રહી શકશે સાથોસાથ લોકોને કોઈપણ જાતની સમસ્યા હોય તો સીધી એપ્લિકેશન પર જ તે સમસ્યા જણાવી શકે તેઓ સોફ્ટવેર તૈયાર કરેલ હોય. લોક પ્રતિનિધિ કાર્યકર્તા તેમજ જનતા જનાર્દન સાથે સીધા સંપર્કમાં રહી શકે અને લોક સમસ્યાનો ત્વરિત નિરાકરણ લાવી શકે તે માટેનું માસ્ટર પ્લાનિંગ કરેલ છે, જેનાથી ભારતીય જનતા પાર્ટીને આગામી સમયમાં યોજાનાર વિવિધ ચૂંટણીમાં સજ્જડ માઈક્રો પ્લાનિંગ થી પ્રચાર પ્રસાર કરવામાં આ સ્ટ્રેટેજી પ્લાન ઘણો ઉપયોગી બને. ત્યારે ડો હિરેન ઘેલાણીએ તા.૯/૩ના રવિવારના રોજ તેમની કોર્પોરેટ ઓફિસના શુભારંભે ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે




MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોટા મવાની કરોડોની જમીનમાં નકલી લેખ-નકલી વારસદારોનું વધુ એક જમીન કૌભાંડ...???

## મવડી ગામના સર્વે નંબર ૧૯૪ની સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાસે આવેલ કરોડોની જમીન હડપ કરવાના કારસ્તાન બાદ વધુ એક નકલી દસ્તાવેજ જેવું કારસ્તાન થયું હોવાની બૂ




**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી જમીનના ભાવ આસમાને પહોંચતા ભૂમાફિયાઓ દ્વારા ભૂતકાળમાં અનેક જમીન કૌભાંડ આચરવામાં આવ્યા હોવાનું ભૂતકાળમાં પોલીસ ચોપડે નોંધાયું છે ત્યારે બે મહિના પહેલા જ મવડી ગામે સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાસે આવેલી કરોડોની જમીન માં કૌભાંડ આચરી કરોડોની જમીન નામે કરાવવા માટે રાજાશાહી વખતના લેખ બોગસ બનાવી ખોટા વારસદાર દ્વારા જમીન કૌભાંડ આચરવામાં આવતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી આવું જ એક જમીન કૌભાંડ રાજાશાહી વખતના લેખ ના આધારે મોટામવા ગામની કરોડોની જમીન માં કૌભાંડ થયું હોવાની બુ આવી રહી છે કલેક્ટર તંત્ર દ્વારા આ અંગે ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવે તો મોટા ગજાના મગરમ જ કહેવાતા ભુમાફિયા જેલમાં ધકેલાઈ જાય તેવા અણસાર આવી રહ્યા છે. શહેરની ભાગોળે કાલાવડ રોડ પર આવેલા મોટા મવડી ગામે કરોડોની જમીન હડપ કરી જવાનું કોભાંડ કરવામાં આવ્યું હોય તેવું ચર્ચામાં આવ્યું છે.

રાજાશાહી વખતના આલેખ ના આધારે આ સમગ્ર જમીન કૌભાંડ કરવામાં આવ્યું હોય તેવી બૂ આવી રહી છે.

મોટામવા ગામે ૧૯ ૩૨ ની સાલમાં રહેતા ભલા વાલા નામના ખેડૂતને ઠાકોર સાહેબ ધર્મેન્દ્રસિંહજી દ્વારા ખેડવા જમીનનો લેખ આપવામાં આવ્યો હોય જે લેખ શહેરની અભિલેખાગાર કચેરી માં હોય ત્યારે કોભાંડ કરનારા લોકો દ્વારા આ કચેરી ખાતેથી લેખ મેળવી ખાતેદાર ભાણા વાલા ના નકલી વારસદારો બની આ જમીન પોતાના નામે કરવા માટે સરકારી કચેરીમાં ચહલ પહલ શરૂ કરી હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

### અભિલેખાગાર કચેરી માંથી લેખ મેળવી મવડી ગામની ૨૦૦ કરોડની કિંમતની જમીનમાં કૌભાંડ કરાયું, તુ



રાજકોટ શહેરના મહુડી ગામના સરવે નંબર ૧૯૪ પૈકીની ૯ એકર જમીન સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાસે આવેલી હોય આ જમીન પચાવી પાડવા કૌભાંડ કરવામાં આવ્યું હોય જેને ફરિયાદ તાલુકા પોલીસમાં મામલતદાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં મામલતદાર શૈલેષકુમાર જેઠાભાઇ ચાવડાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે ચોટીલા તાલુકાના સુખસર ગામના લાખા નાજા ખીમસુરીયા નામના શખ્સ યે મવડી ગામની સર્વે નંબર ૧૯૪ પૈકીની જમીન દસ એકર નાજા રઘા ના નામના સ્ટેટના લેખના આધારે ખેડવાના જમીન નામે ચડાવવા તે જમીન પરના લાંબા ગાળાના ખેડવાણ કબજો હક નિયમ બંધ કરી આપવા રેવન્યુ રેકોર્ડમાં નામ દાખલ કરવા છેતરપિંડી કરવાના ઈરાદે આ સુખસર ગામના લાખા નાજા ખીમસુરીયા એ તેના પિતા નાજા રઘા હોવાનો દાવો કરી નાજા રઘા નો ૨૬ ૧૦ ૧૯૩૭ નો લેખ તથા બેઠા ખાતા નો ઉતારો ની નકલ અભિલેખાગાર કચેરી ના ખોટા સહી સિક્કા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી સાચા તરીકે કલેક્ટર કચેરીમાં રજૂ કરી સરકારી જમીનને ખાનગી જમીન તરીકે દર્શાવી નામે ચડાવવાની કાર્યવાહી કરી હોય અને આ સમગ્ર કૌભાંડ બહાર આવતા તાલુકા પોલીસના ફરિયાદ નોંધાવતા પોલીસે ચોટીલા ના સુખસર ગામના લખા નાજા ખીમસુરીયા ની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

### નકલી લેખ દસ્તાવેજ બાદ મવડી ગામે વધુ એક વાડા કૌભાંડ ઝડપાયું ,તું

થોડા સમય પહેલા મવડી ગામની કરોડોની જમીનમાં નકલી લેખ ના આધારે નકલી વારસદારે જમીન કોભાંડ કર્યાની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાયા બાદ મવડી ગામે વધુ એક માલ ઢોર માટેના વાડા કોભાંડ થયું હોવાનું સામે આવ્યું હતુ જેમાં મામલતદારનો નકલી હુકમ બનાવવામાં આવ્યો હોય તેવું પ્રકાશમાં આવ્યું હતું. શહેરમાં નકલી રાજાશાહી સમયના લેખ બોગસ દસ્તાવેજ નકલી યુએલસીના પ્રમાણપત્ર આ કૌભાંડ બાદ કીમતી સરકારી જમીન કરવા માટે વાડાની જમીનના નામે તાલુકા મામલતદારના નામે બોગસ હુકમ બનાવ્યા હોવાનું ભૂતકાળમાં પ્રકાશમાં આવ્યું છે જેમાં મવડી ગામના સર્વે નંબર ૧૯૪માં માલઢોર માટે એક એકર અને ૨૬ ગુઠા જમીન ફાળવવા નકલી હુકમ ફરતો થયો હતો શહેરની આજુબાજુના ગામોમાં વાડાના નામે સરકારી જમીન હડપ કરવા નો ખેલ ચાલી રહ્યો હોય તેવું ફલિત થતું હતું

# વિરાણી આઘાટમાં કેટરર્સના ધંધાથી ત્રણ યુવાનો પર લુખ્ખાઓનો હીચકારો હુમલો

## ભક્તિનગર પોલીસે ગુનો નોધી હુમલાખોરોની શોધખોળ આદરી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરનાં ઢેબર રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ વાળી શેરી વિરાણી અઘાટ વિસ્તારમા મોડી રાત્રે કેટરર્સમા કામ કરતા ૩ યુવાનો પર બે શખ્સોએ છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. આવી ઘટનામા ઘવાયેલા ત્રણેયને સારવાર માટે સિવીલ હોસ્પિટલે ખસેડવામા આવ્યા છે. તેમજ ભકિતનગર પોલીસે સિવીલ હોસ્પીટલે પહોંચી ઘવાયેલા ત્રણેય યુવાનોનાં નિવેદન લઈ ફરીયાદ નોંધી આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની વિગતો મુજબ ઢેબર રોડ પર રાજકમલ પેટ્રોલ પંપવાળી શેરી વિરાણી અઘાટમાં રહેતા ભેરૂલાલ રતનલાલ મેઘવાલ (ઉ.વ. ૩૪) નામનાં યુવાને પોતાની ફરીયાદમા પોતાનાં મકાન પાસે બાઈક લઈને આવેલા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે આ ઘટનામા ભકિતનગર પોલીસ મથકના સ્ટાફે બંને આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે. ભેરૂલાલે ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ કેટરીંગનાં ધંધા સાથે સંકળાયેલા છે તેમજ રાત્રીનાં બારેક વાગ્યે પોતે પહેલા માળે ટીવી જોતા હતા ત્યારે રોડ પર દેકારો થતો હતો અને ત્યા ૪ - ૫ જણા કેટરીંગ વાળા ઉર્યા હતા તેમા પોતે તેમજ સંજય પારઘી, માનસીંગ રાઠોડ, વિક્રમસિંહ સીસોદીયા, શંકરભાઈ સોલંકી, જગદીશભાઈ પરમાર અને રાજુભાઈ પરમાર હતા. તેમજ નીચે ઉતરીને જોયુ તો ત્યા ભેરુલાલ સાથે કામ કરતો પ્રકાશ (ઉ.વ. ૨૯) સાથે ડબલ સવારી બાઈકમા આવેલા બે શખ્સો પ્રકાશ અને બીજા માણસો સાથે બોલાચાલી કરતા હતા. ત્યારબાદ આ બાઈક વાળાને ત્યાથી ભગાડી મુકયો હતો. ત્યારબાદ પાંચ મિનીટ જેવો સમય થતા ફરીથી આ બાઈક ચાલક ડબલ સવારીમા ત્યા આવી પહોંચ્યો હતો અને બાઈક સ્લીપ થઈ જતા તેઓ ચાલીને ત્યા પહોંચી અને તેની પાસે રહેલી છરીનો ઘા પડખાનાં ભાગે ઝીકી દીધો હતો અને બીજો ઘા કપાળમા વચ્ચે માર્યો હતો. જેથી તેમની સાથેનાં પ્રકાશભાઈ વચ્ચે પડતા તેમને પણ માથામા આડેધડ ૨ - ૩ ઘા ઝીકી દીધા હતા તેમજ સંજય પારઘીને બાઈક પર આવેલા બીજા શખ્સો ઈંટ વડે માથામા ઘા ઝીકયો હતો ત્યારબાદ માનસિંગ રાઠોડે ૧૦૦ નંબર તેમજ ૧૦૮ મા વાત કરી ગાડી બોલાવતા ૧૦૮ ત્યા પહોંચી ગઈ હતી અને તેમા ત્રણેય બેસી સિવિલ હોસ્પીટલે પહોંચ્યા હતા અને ત્યા સારવાર કરાવ્યા બાદ ભકિતનગર પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી આ ઘટનામા બંને શખ્સોને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# ભગવતીપરામાં ડેરી સામે વાહન રાખવા પ્રશ્ને પિતા-પુત્રને માર પડ્યો

ભગવતીપરા મેઈન રોડ પર આવેલી રાધેશ્યામ ડેરી પાસે વાહન રાખવા બાબતે ડેરીનાં સંચાલક પિતા-પુત્ર સહીત ત્રણ પર ત્રણ શખ્સોએ પાઈપ વડે હુમલો કર્યો હતો આ ઘટનામા બી ડીવીઝન પોલીસે ત્રણ આરોપી વિરુધ્ધ નોંધવામા આવી છે. નવા ગામમા રામધામ પાર્કમા રહેતા અજીતભાઈ ઉર્ફે અજયભાઈ ભવાનભાઈ મુંધવા (ઉ.વ. ૨૪) એ પોતાની ફરીયાદમા કાનો તેના પિતા પ્રવિણભાઈ અને કાનાના નાના ભાઈ વિરૂધ્ધ પોલીસમા ફરીયાદ નોંધાવી છે. અજીતે ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ તેના ભાઈ અને પિતા સાથે ભગવતીપરા મેઈન રોડ જયનંદનવન સોસાયટી શેરી નં ૧ ખાતે રાધેશ્યામ ડેરી ચલાવે છે ગઈકાલે ડેરીએ ભાઈ વિશાલ અને પિતાજી હાજર હતા ત્યારે ત્યા શેરીમા પ્રવિણભાઈનુ મકાન -આવેલુ છે ત્યા પ્રવિણભાઈનો દિકરો કાનો જેને ડેરી પાસે પાતળી શેરીમા વાહન પાર્ક કરવાની ના પાડી છતા ત્યા પોતાનુ બાઈક મુકી ઘરે જતો રહયો હતો અને થોડીવાર બાદ આવીને વિશાલ સાથે ઝઘડો કરવા લાગ્યો હતો અને બપોરના અઢી વાગ્યાનાં અરસામા કાનો, તેમના પિતા અને તેમનો નાનો ભાઈ ગાળો બોલી પાઈપ લઈને આવી અજીતભાઈને કપાળનાં ભાગે પાઈપનો ઘા ઝીકી દીધો હતો જેથી તેમને તેમના પિતા અને ભાઈ વિશાલ છોડાવવા જતા તેને પણ માર મારતા ઈજા થઈ હતી. આ મામલે બી ડીવીઝન પોલીસમા અજીતભાઈએ ફરીયાદ નોંધાવતા ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# રામવન પાસે ટ્રકમાં પાર્સલની આડમાં છુપાવેલો દારૂ ઝડપાયો

શહેરની ભાગોળે કોઠારીયા બાયપાસ હાઈવે પર રામવન પાસેથી ટ્રકમાં પાર્સલના બોકસની આડમાં છુપાવેલો ૫૦ હજારનો દારૂ પોલીસે ઝડપી પાડી ટૂ ચાલક જંગલેશ્વરના શખસની ધરપકડ કરી છે. જાણવા મળતી વિગત મુજબ આજીડેમ પોલીસ મથકના એએસઆઈ એચ.આર. ચાનીયા, રવિ વાંક, કોન્સ્ટેબલ મહેશ કોઠીવાળ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન ગ્રીનલેન્ડ ચોકડીથી હુડકો ચોકડી તરફ આવતા ટ્રકમાં દારૂ ભરેલો હોવાની બાતમીના આધારે પોલીસે કોઠારીયા બાયપાસ હાઈવે પર રામવન નજી વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાંથી પસાર થતા ટ્રકને અટકાવી ચાલકની પુછપરછ કરતા તેણે પોતાનું નામ શકીલ મહમદ શાહમદાર (રે.જંગલેશ્વર-૨૩) રહેતો હોવાનું ટ્રકમાં શું છે તેમ પુછતા ટ્રકમાં મોબાઈલ કવર- તથા કાગળના રોલના પાર્સલ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતાં ચાલક ભાંગી પડયો હતો અને પાર્સલના બોકસ નીચે દારૂ છુપાવ્યો હોવાનું જણાવતા પોલીસે ટ્રકને પોલીસ મથકે લઈ જઈ તપાશી લેતા પાર્સલના બોકસની આડમાં છુપાવેલો દારૂના ચપલા નંગ ૩૩૬ (કિં.૫૦૫૪૦) મળી આવતા પોલીસે દારૂ અને ટ્રક મળી કુલ રૂ.૧૧૫૦૫૪૦નો મુદામાલ કબજે કરી ટ્રક ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાની સીટી બસે વધુ એકનો ભોગ લીધો: સાયકલ સવારને હડફેટે લેતા સારવારમાં મોત


## પોલીસે અકસ્માત સર્જનાર બસના ચાલક સામે ગુનો નોંધ્યો



મહાનગરપાલિકાની સીટી બસને કારણે વધુ એક વખત જીવલેણ અકસ્માત સર્જાયો હતો. કાલાવડ રોડ કણસાગરા કોલેજ નજીક સીટી બસની ઠોકરે સાઇકલ ચડી જતાં સાઇકલ સવાર મુળ રાજસ્થાનના યુવાનને ઈજાઓ થતાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. જાણવા મળ્યા મુજબ કેકેવી ચોક નજીક કેબલની ઓફિસમાં નોકરી કરતો મુળ રાજસ્થાનનો દુર્ગેશ હેમરાજભાઈ મીણા (ઉ.વ.૧૯) સવારે સાઇકલ હંકારીને જતો હતો ત્યારે કાલાવડ રોડ કણસાગરા કોલેજ નજીક સીટી બસના ચાલકે ઉલાળી દેતાં ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન સાંજે તેનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર દુર્ગેશ બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. તેના પિતા હોટલમાં કામ કરે છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઈ, તોફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ માલવીયાનગર પોલીસમાં કરતાં પીએસઆઇ આર. આર. કોઠીયાએ મૃતકના પિતા હેમરાજભાઇ નારાયણભાઇ મીણા (ઉ.વ.૪૦- રહે. હાલ નંદનવન સોસાયટી, કાલાવડ રોડ, મુળ બામણીયા ચલુમ્બર રાજસ્થાન)ની ફરિયાદ પરથી સીટી બસ જીજે૦૩બીઝેડ- ૫૯૭૦ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# પડધરીમાં બે બાઈક સામસાથે અથડાતા પૌત્રીની નજર સામે દાદાનું મોત

## ધો. ૧૦નું પેપર આપવા ગયેલી પૌત્રીને લઈ પરત ફરતા વૃદ્ધનું અકસ્માતમાં મોત



રાજકોટ શહેરના પડધરીના દહીસરા ગામે રહેતાવૃદ્ધ ગઈકાલે તેમની પૌત્રીને સ્કૂલેથી લઈ ઘરે જતાં હતા ત્યારે પડધરીમાં આવેલા મેલડી માતાજીના મંદિર પાસે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે લેતા તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેમને સારવારમાં ખસેડવામાં આવતા તેમનું મોત નિપજ્યું હતું. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર દહીસરા ગામે રહેતા સવજીભાઈ કાળાભાઈ ચાવડા (ઉ.વ.૬૨) ગઈકાલે બપોરે પોતાનું એક્ટિવા લઈ તેમની પૌત્રી જીજ્ઞાસા જે ધો. ૧૦માં અભ્યાસ કરતી હોય તેમની પરીક્ષા પડધરીની રીધ્ધી-સીધ્ધી સ્કૂલમાં હોય તેમને લઈને ઘરે જતાં ત્યારે મેલડી માતાજીના મંદિર પાસે પહોંચતા અજાણ્યા બાઈકના ચાલકે ઠોકરે લેતા દાદા અને પૌત્રી બન્ને રસ્તા પર ફંગોળાયા હતાં. સવજીભાઈને ગંભીર ઈજા થવાથી તેમને સારવારમાં ખસેડાતા તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું. જ્યારે પૌત્રી જીજ્ઞાસાને સામાન્ય ઈજા થઈ હતી. સવજીભાઈને સંતાનમાં બે દિકરા એક દિકરી છે. પોતે ચાર ભાઈ ત્રણ બહેનમાં ત્રીજા નંબરના હતા પોતે કડિયા કામ કરે છે. પરિવારે જણાવ્યું કે, ગઈકાલે જીજ્ઞાસાને ધો. ૧૦માં સામાજીક વિજ્ઞાનનું પેપર હોય તે પુરુ થતાં સવજીભાઈ તેમને રિધ્ધિ-સિધ્ધિ સ્કૂલે તેજવા ગયા હતાં. અને ત્યાંથી પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો. આ મામલે અકસ્માત સર્જનાર બાઈકના ચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરી છે.

# માધાપર ચોકડી નજીક દંપતી સહીત ૪ વ્યકિત પર હુમલો: ૧૨ હજારના વાળની લૂંટ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમા એક નવતર લુંટ થયાની ઘટના સામે આવી છે જેમા લુંટારુઓ દ્વારા દંપતી સહીત ૪ વ્યકિત પર હુમલો કરી રૂ. ૧૨ હજારનાં ૩ કિલો વાળની લુંટ કરી ફરાર થયાની ઘટના પોલીસ ચોપડે નોંધાય છે તેમજ ઘવાયેલા ચારેય વ્યકિતને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામા આવ્યા હતા.વધુ વિગતો મુજબ રાજકોટ શહેરનાં માધાપર ચોકડી બ્રીજ નીચે રહેતા અને અલગ અલગ વિસ્તારોમાથી વાળની ગુંચ વીણી વેપારીને આપતા સાજન બાબુભાઈ પરમાર (ઉ.વ. ૨૫) તેમજ તેમના પત્ની શારદાબેન સાજનભાઈ (ઉ.વ. ૨૫), વિજયભાઈ બાબુભાઈ (ઉ.વ. ૨૫) અને સુરજ બાબુભાઈ (ઉ.વ. ૨૫) રાત્રીનાં ૧૧ વાગ્યે માધાપર ચોકડીનાં બ્રીજ નીચે સુતા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ પથ્થર વડે હુમલો કરી તેણી પાસે રહેલા ૩ કિલો વાળ લુંટી લીધા હતા જેની કિંમત અંદાજીત ૧૨૦૦૦ હજાર આંકી શકાય. આ ઘટના બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા અને ઘવાયેલા ચારેયને સારવાર માટે સિવીલ હોસ્પિટલે ખસેડવામા આવ્યા હતા. ઘવાયેલા સાજને જણાવ્યુ હતુ કે તેઓ અલગ અલગ વિસ્તારોમા જઈ વાળની ગુંચ અને વાળ ભેગા કરી વાળનાં વેપારીને વેચી અને પરીવારનુ ગુજરાન ચલાવે છે. વાળની લુંટ થયાની ઘટના સામે આવતા પોલીસ પણ ચોકી ગઈ હતી અને ઘટના અંગે ગુનો નોંધવા તજવીજ શરૂ કરવામા આવી છે.

# જામનગરના વ્યાજખોર પોલીસ મેનનાં ત્રાસથી યુવાને વખ ઘોળ્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતા યુવાને વ્યાજખોર જામનગરના પોલીસમેનના ત્રાસથી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. પિતા બિમાર પડતા વ્યાજે લીધેલા ૧૦ હજારના દર અઠવાડિયે રૂ.૧૦૦૦ વ્યાજ સહિત કુલ ૬૦ હજાર ચૂકવી દીધા છતા વધુ ૮ હજારની માંગણી કરી પોલીસની ધાક બતાવી ધમકાવતા યુવાને આ પગલુ ભરી લેતા તેના સારવારમાં ખસડાયો છે. કોઠારીયા રોડ પર નાળોદાનગરમાં રહેતા અને શકભાજીનો ધંધો કરતા વિજય વિનુભાઈ વાઘેલા (ઉ.વ.૩૦) નામના યુવાને ગઈકાલે રાત્રે ૮ વાગ્યાના અરસામાં કોઠારીયા રોડ પર ક્રિષ્ના ચોકમાં જાહેરમાં ફિનાઈલ પી લેતા તેને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ ચોકીનો સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક તપાસમાં વિજયના પિતા બિમાર પડતા તેણે આઠેક મહિના પહેલા જામનગર પોલીસમાં ફરજ બજાવતા પોલીસમેન કેવલ ડાંગર પાસેથી રૂ.૧૦ હજાર વ્યાજે લીધા હતા. જેના બદલામાં દર અઠવાડિયે રૂ.૧૦૦૦ હજાર વ્યાજ ચૂકવતો હતો અને અત્યાર સુધીમાં વ્યાજ અને મુદ્દલ મળી રૂ.૬૦ હજાર ચૂકવી દીધા હતા. હવે ૩૫૦૦ રૂપિયા ચૂકવવાના બાકી હતા. દરમિયાન ગઈકાલે વિજય બુધવારીમાંથી આવતો હતો ત્યારે કેવલ ડાંગરે આવી હજુ ૮ હજાર આપવા પડશે કહી પઠાણી ઉઘરાણી કરી હતી. જેથી વિજયે અત્યારે મારી પાસે નથી પછી આપીશ તેમ કહેતા ડાંગરે મારી નાખવાની ધમકી આપી નતારે દવા પીવી હોય તો પી જા, મને કોઈ નહી પકડે હુ પોલીસમાં છુથ તેમ કહી ધમકી આપતા વિજયે આપઘાતનો પ્રયાસ કર્યાનું તેના પરિવારે જણાવ્યુ હતુ. આ અંગે ભક્તિનગર પોલીસે હોસ્પિટલે દોડી જઈ તપાસ હાથ ધરી છે.!

# જીવરાજ પાર્ક પાસે ડિલીવરમેનના સાત પાર્સલની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## પૂર્વ કર્મચારીએ જ ડિલિવરીના પાર્સલ ભરેલા થેલાની ચોરી કરી'તી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં સ્થળે બુટ, ચંપલ, દવા, કપડા વગેરેના પાર્સલની ડિલીવરી કરવા ગયેલા ડિલીવરી બોયના બાઈકમાં રહેલા રૂા.૧૫,૫૦૦ની કિંમતના પાર્સલોની ચોરી કરવાના ગુનાનો ભેદ તાલુકા પોલીસે વિવેક જાદવભાઈ શીયાળ (ઉ.વ. ૧૯, રહે. બળધુઈ, તા. જસદણ)ની ધરપકડ કરી હતી.તાલુકા પોલીસે આ મામલે સોહમ મુકેશભાઈ અઘેરા (ઉ.વ. ૧૮, રહે. માયાણીનગર, કર્વાટર, ખીજરાવાળા રોડ)ની ફરિયાદ પરથી ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદીએ જણાવ્યું કે, ગઈ તા.૨૭નાં તે બાઈક લઈ લક્ષ્મીનગરમાં તેની ઓફિસેથી ૩૨ જેટલા પાર્સલ થેલામાં લઈ ડીલીવરી કરવા ગયો હતો. ૧૮ જેટલા પાર્સલની ડિલીવરી કર્યા બાદ સ્પીડવેલ ચોક નજીક આવેલા પ્રદ્યુમન એસ્પાયર એપાર્ટમેન્ટમાં ડિલીવરી કરવાની હોવાથી તે એપાર્ટમેન્ટના ગેઈટ પાસે સ્કૂટર પાર્ક કરી ડિલીવરી કરવા ગયો હતો. જ્યારે બાકીના ૧૪ જેટલા પાર્સલનો થેલો બાઈકમાં રાખ્યો હતો તે એપાર્ટમેન્ટમાં ડિલીવરી કરી પરત આવતા સ્કૂટર પર રાખેલા પાર્સલનો થેલો જેમાં રૂા. ૮ હજારની કિંમતના બુટ, ચપલ, કપડા વગેરે હતા.

તે જોવામાં નહીં આવતા ઓફિસમાં જાણ કરી હતી ત્યારબાદ તેને મયુરભાઈ ચાવડા અને ઉમંગસિંહ પરમાર મળ્યા હતા. તેણે પણ આવી જ રીતે પોતાના પાર્સલો કે જેમાં ૬,૫૦૦ની મત્તાનો સામાન હતો તે પાર્સલ મવડી પોલીસ હેડ ક્વાર્ટર નજીક વસંત વાટિકા. પાસેથી અને જીવરાજ પાર્ક નજીકથી ડિલીવરી વખતે ચોરી થયાનું જણાવતા ફરિયાદ નોંધાવી હતી.તાલુકા પોલીસે ગુનો દાખલ કરી પીઆઈ ડી.એમ.હરિપરા, હરપાલસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, શિવભદ્ર સિંહ ગોહિલ અને બલભદ્રસિંહ જાડેજા સહિતની બાતમીના આધારે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી આરોપી વિવેક શીયાળને પકડી બુટ, ચંપલ વગેરે અલગ અલગ આઈટમો અને બાઈક મળી કુલ રૂ.૫૫,૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસમાંથી જાણવા મળ્યું કે આરોપી બધા પાર્સલ ખોલી મિત્ર સર્કલ અને ઓળખીતાઓમાં વેંચી રોકડી કરવાનો પ્લાન હતો જોકે તે ઘરેથી વેંચવા નીકળે તે પહેલાં જ તેમને ઝડપી લીધો હતો.